પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૩૩ | ૨૨ જુલાઈ, ૨૦૧૮, રવિવાર; અષાઢ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### બિહારમાં ૧૦ લાખનો દારૂ જપ્ત

બિહારના મુઝફ્ફરપુર જિલ્લાના સુજાવલપુર ચોકી પાસેથી પોલીસે ૧૦ લાખના મુલ્યનો વિદેશી દારૂ જપ્ત કર્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી ટ્રક, પીકઅપ વાન અને મોટરસાયઈકલ જપ્ત કરી છે.

### વીરભદ્રસિંહના દીકરા વિરૂદ્ધ ચાર્જશીટ

હિમાચલપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વીરભદ્રસિંહના દીકરા વિક્રમાદિત્ય વિરૂદ્ધ ઈડીએ મની લોન્ડ્રીંગ મામલે ચાર્જશીટ દાખલ કરી છે. આ મામલે વીરભદ્રસિંહ પણ આરોપી છે.

### ટ્રમ્પને પુતિને ફૂટબોલ ભેટમાં આપ્યો

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ફૂટબોલ ભેટમાં આપ્યો છે. ટ્રમ્પે કહ્યુ છે કે તે ફૂટબોલ તે પોતાના દીકરાને આપશે. તાજેતરમાં જ રશિયામાં ફીફા વર્લ્ડકપનું આયોજન થયુ હતુ.

### અમેરિકામાં ૨૧ ભારતીયોને જેલ

અમેરિકાના અધિકારીઓની ખોટી ઓળખ આપી અમેરિકાના નાગરીકો સાથે છેતરપીંડી આચરનાર ૨૧ ભારતીયોને સજા સંભળાવવામાં આવી છે. તેઓને ૪ થી ૨૦ વર્ષની સજા કરાઈ છે

### ફેસબુક લોન્ચ કરશે પોતાનો ઉપગ્રહ

ઓફલાઈન રહેલા ગ્રાહકોને કનેક્ટ કરવા માટેની યોજના હેઠળ ફેસબુક પોતાનો ઈન્ટરનેટ ઉપગ્રહ એથેના લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યુ છે. જેને ૨૦૧૯માં સ્થાપિત કરવામાં આવશે.

# જીએસટીમાં વ્યાપક રાહતોની જાહેરાત

**સેનેટરી નેપકિનને જીએસટીમાંથી મુક્ત કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય : અનેક ચીજો પર ટેક્સ ઘટાડાયો : સ્ટોન, માર્બલ, રાખડી ઉપર કોઈ ટેક્સ નહીં : ૧૦૦૦ સુધીના ફુટવેર ઉપર પાંચ ટકા ટેક્સ : વોટર કુલર, પરફ્યુમ, ટોયલેટ સ્પ્રે ઉપર ૧૨ ટકાનો ટેક્સ**

નવી દિલ્હી, તા.૨૧

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કાઉન્સિલની આજે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં અનેક ચીજો પર રાહત આપવાની જાહેરાત કરાઈ હતી.



સેનેટરી નેપકિનને ટેક્સ મુક્ત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અન્ય ચીજો ઉપરથી પણ ટેક્સ ઘટાડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આજે લેવામાં આવેલા તમામ નિર્ણય ૨૭મી જુલાઈથી અમલી કરવામાં આવશે. જીએસટી કાઉન્સીલની બેઠક હાલના નાણામંત્રી પિયુષ ગોયલના નેતૃત્વમાં યોજાઈ હતી. બેઠક બાદ પિયુષ ગોયલે કહ્યું હતું કે સેનેટરી નેપકિન ઉપરાંત સ્ટોન, માર્બલ, રાખડી, સાલના પત્તા ઉપર કોઈ ટેક્સ લાગુ થશે નહીં. આ ઉપરાંત ૧૦૦૦ રૂપિયા સુધીના ફુટવેર પર હવે પાંચ ટકા ટેક્સ લાગુ થશે. પહેલા આ રકમ ૫૦૦ રૂપિયાની હતી. ઉપરાંત લિથિયમ, આયર્ન બેટરી, વેક્યુમ ક્લિનર, ફુડ ગ્રાઈન્ડર, મિક્સર, સ્ટોરેજ વોટર હિટર, ડ્રાયર, પેઈન્ટ, વોટર કુલર, મિલ્ક કુલર, આઈસ્ક્રીમ કુલર્સ, પરફ્યુમ, ટોયલેટ સ્પ્રેને ૨૮ ટકાના ટેક્સ સ્લેબમાંથી હટાવીને ૧૨ ટકાના ટેક્સ સ્લેબમાં મુકી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નાણામંત્રીએ કહ્યું છે કે હેન્ડબેગ, જ્વેલરી બોક્સ, પેઈન્ટીંગ માટે લાકડીના બોક્સ, આર્ટવેર ગ્લાસ, હાથથી બનાવવામાં આવેલા લેમ્પ પર ટેક્સને ૧૨ ટકા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નાના કારોબારીઓને રાહત આપતા ગોયલે કહ્યું હતું કે પાંચ કરોડ રૂપિયા સુધીના ટર્ન ઓવર વાળા ટ્રેડર્સ દર મહિને જીએસટી જમા કરાવશે પરંતુ તેમને ત્રિમાસિક રિટર્ન દાખલ કરવાની જરૂર રહેશે નહીં. તેમણે ઉમેર્યું હતું કે કાઉન્સિલે ૪૬ સુધારા કર્યા છે. જેને સંસદમાંથી પાસ કરવામાં આવશે. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સોસોદીયાએ કહ્યું હતું કે સેનેટરી નેપકિનને ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સમાંથી મુકત કરવાનો નિર્ણય કરાયો છે. જેથી હવે કોઈ ટેક્સ લાગુ થશે નહીં. તેઓએ આ અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. હજુ સુધી સેનેટરી નેપકિન ઉપર

● અનુસંધાન પાન-૭ પર


# આતંકવાદી હુમલામાં બે જવાન ઘાયલ

શ્રીનગર,તા. ૨૧

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓની ગતિવિધિ જારી રહી છે. રજા ઉપર રહેલ જમ્મુ-કાશ્મીર પોલીસના કોન્સ્ટેબલનું ત્રાસવાદીઓ દ્વારા અપહરણ કરી લેવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીર પોલીસના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે કોન્સ્ટેબલ સલીમ શાહનું દક્ષિણ કાશ્મીરમાં કુલગામ જિલ્લામાં મુતાલહામા વિસ્તારમાં સ્થિત તેમના ઘરમાંથી અપહરણ કરી લેવામાં આવ્યું હતું. અધિકારીઓનું કહેવું છે કે સુરક્ષા દળોએ અપહરણ કરવામાં આવેલા પોલીસ જવાનની શોધખોળ શરૂ કરી દીધી છે. સેના અને પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામ સ્વરૂપે ત્રાસવાદીઓ

**કાશ્મીરના બે જુદા જુદા વિસ્તારમાં ત્રાસવાદીઓએ ત્રાટકી આતંક મચાવ્યો : સીઆરપીએફના જવાનો પર ગોળીબાર કરાયો જ્યારે કુલગામમાંથી પોલીસ કોન્સ્ટેબલનું અપહરણ : ઓપરેશન ઓલઆઉટથી ત્રાસવાદીમાં ખળભળાટ**

● અનુસંધાન પાન-૭ પર



# ઓરિસ્સા-મધ્યપ્રદેશમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયું

**ઓરિસ્સામાં રેલવે ટ્રેક ઉપર પાણી : ભુવનેશ્વર, કટક, પુરી, રાયગઢ જેવા ક્ષેત્રોમાં જનજીવન અસ્તવ્યસ્ત : સ્કુલોમાં રજા : ભારે વરસાદ માટે ચેતવણી**



રાયગઢ,તા. ૨૧

ભારે વરસાદના પરિણામ સ્વરૂપે ઓરિસ્સાના અનેક જિલ્લાઓમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. બીજી બાજુ આના પ્રભાવના કારણે ટ્રેન વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ છે. વરસાદના પરિણામ સ્વરૂપે ટ્રેનો અડવાઈ પડી છે. ટ્રેનમાં બેસેલા લોકો પણ દહેશતમાં છે. ઓરિસ્સાના રાયગઢ જિલ્લાથી એક વીડિયો સપાટી ઉપર આવ્યો છે. જેમાં સ્ટેશની નજીક રેલવે ટ્રેક ઉપર સંપૂર્ણપણે પાણી ફરી વળેલા નજરે પડે છે. જેના લીધે ભુવેનશ્વર-જગદલપુર હીરાખંડ એક્સપ્રેસ રસ્તામાં જ અટવાઈ પડી છે. છેલ્લા બે દિવસથી ઓરિસ્સામાં ધોધમાર વરસાદ થઈ રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે ભુવનેશ્વર, કટક, પુરી, રાયગઢ જેવા વિસ્તારોમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. સ્કુલોમાં રજા કરી દેવામાં આવી છે. ભારે વરસાદના

● અનુસંધાન પાન-૭ પર

# શેરડીના ખેડૂતોને ખર્ચ મૂલ્ય કરતા ૮૦ ટકા વધુ લાભ અપાશે : મોદી

**દેશના દરેક ખેડૂતોના પરિવારનું સમ્માન થાય તે કેન્દ્ર અને યોગી સરકારની પ્રાથમિકતા છે**

શાહજહાપુર,તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશમાં આક્રમક રેલી યોજી હતી. આ રેલીમાં મોદીએ લોકસભામાં તેમની સરકાર સામે લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવની પણ વાત કરી હતી અને કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોની ઝાટકણી કાઢી હતી. તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે ભાજપની સામે ઘણી બધી પાર્ટીઓ એક સાથે આવી ગઈ છે પરંતુ આનાથી વધારે કમળ ખીલશે. અમને લોકો પૂછી રહ્યા છે કે અવિશ્વાસ માટેનું કારણ શું છે. પરંતુ અવિશ્વાસ માટેનું કારણ કોઈને પણ સમજાઈ રહ્યું નથી. શાહજહાપુરમાં કિસાન કલ્યાણ રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે વિરોધ પક્ષો ભયભિત થઈ ગયા છે અને ભાજપ સામે સંગઠિત થઈ રહ્યા છે. અવિશ્વાસ પ્રસ્તાવ પડી ગયાના આગલા દિવસે મોદીએ યુપીના શાહજહાપુરમાં કિસાન રેલી યોજી હતી. અવિશ્વાસ પ્રસ્તાવની ચર્ચાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે ભ્રષ્ટાચાર પર અંકુશ મુકવાના પરિણામ સ્વરૂપે તેમની સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી હતી. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે અમે

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાનમાં અંતિમ તબક્કાનો ચૂંટણી પ્રચાર

**આગામી ૨૫મીએ યોજાનાર ચૂંટણીમાં ઈમરાન અને નવાઝ શરીફની પાર્ટી વચ્ચે સ્પર્ધા**

કરાંચી,તા. ૨૧

પાકિસ્તાનમાં ૨૫મી જુલાઈના દિવસે સામાન્ય ચૂંટણી યોજવા જઈ રહી છે. આને લઈને તમામ રાજકીય પક્ષો પોત પોતાની રીતે તૈયારીમાં વ્યસ્ત બનેલા છે. પાકિસ્તાનના કરાંચીમાં રાજકીય પક્ષોમાં વધારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આનું કારણ એ છે કે છેલ્લા ૨૫ વર્ષમાં આ શહેરમાં અલતાફ હુસૈનનું પ્રભુત્વ હતું. હુસૈન માત્ર એક કોલથી શહેરની સ્થિતિ બદલવાની તાકાત ધરાવતા હતા. પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં બે કરોડની વસ્તી ધરાવતા આ શહેરની સ્થિતિ અનેક રીતે બદલાઈ ગઈ છે. એક સમયે દુનિયાના સૌથી ખતરનાક

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**

- B.Sc., M.Sc. / B.Ed. (ગણિત, વિજ્ઞાન) માધ્યમિક માટે - ૧ શિક્ષક
- પ્રાથમિક વિભાગમાં ગણિત ભણાવી શકે તેવા - ૧ શિક્ષક

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૨૫/૭/૨૦૧૮ના રોજ સ્વહસ્તાક્ષરે કરેલ અરજી તથા અસલ પ્રમામપત્રો સાથે નીચેના સરનામે હાજર રહેવું.

નોંધ : કોન્ટેક્ટ નંબર અવશ્ય લખવો.
બુધવાર : સમય ૧૧-૦૦ થી ૧૨-૦૦

માતંગી સર્વ વિદ્યાલય
૭૩, સહકાર કોલોની, સેક્ટર-૨૫, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨૮૮૦૦૯, ૮૧૪૦૬૭૮૧૨૩

**Teachers**

Govt. recognised, English Medium Primary School in Gandhinagar requires female teachers for

- K.G. (Graduate and Fluent in Eng.)
- 1st & 2nd Std. (PTC/B.Ed. preferable, Fluent in Eng. who can teach four main subjects)

Contact : Mohit Shah - 95743 58901

તા.૬/૮ થી શરૂ થતી સાંજે ૬.૩૦ થી ૮ ની બેચમાં જોડાઈ કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો...
નોંધ : વેકેશન બેચીઝમાં એડમીશન ન મેળવી શકનાર અને હજુ પણ વેઈટીંગ લીસ્ટમાં છે તેમને ૩૧/૭ સુધીમાં ફોર્મ ભરવાની પ્રથમ તક આપવામાં આવશે
GPSC Mains ની English વિષયની બેચ દિવાળી બાદ શરૂ કરવામાં આવશે. ૧૫/૮ બાદ ફોર્મ સ્વીકારવામાં આવશે.
GPSC/UPSC માટે "નાણાવટી પબ્લીકેશન"નું 'ન ભૂતો, ન ભવિષ્યતી' જેવું અંગ્રેજી-ગુજરાતી બંને સમજૂતી સાથેનું પુસ્તક દિવાળી ઉપર બહાર પડી રહ્યું
નાણાવટી
The Leader since 1996
સે.૭-બી, અરિહંત અને ઘ-૨ સર્કલ વચ્ચે, ઘ-રોડ
મો.૯૬૨૪૦ ૧૦૫૫૫, ઓફીસ સમય:સવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

RAJVEE FOOD CORNER
BIRTHDAY PARTY
SMALL GATHERING
OFFICE MEETING
LIVE KITCHEN
Our Knowledgeable staff & personalized catering will add a touch of class to your occession...
Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.
Mobile : +91 90998 84444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in
For Banquet Inquiry : 89801 08444

bansari Greens
Resort & Week-end-home
MANAGE BY : rudraksh Catering Service
Best Destination For Wedding & Pre-Wedding Photoshot
Full Day Package: Welcome Drinks, Morning Break fast, Lunch & Hi – Tea, Dinner
Half Day Package: Welcome Drinks, Morning Break fast, Lunch & Hi – Tea.
Night Stay @ Rs. 7095/- For Couple
Special Discount on Group Booking
Package Include: Pool Table, Table Tennis, Carom Board, Chess, Cricket, Camel Cart, Swimming, Lawn Tennis, Basket Ball, Badminton, Volley Ball, Kids Play Station (Costume Compulsory)
For Booking (+91 7283831234 (+91 9924931224 (+91 9825803299
*Condition Apply
Gandhinagar-Mahudi Road, Nr. Grambharti,Aluva, Gandhinagar.
E-mail: bansarigreen@gmail.com | www.bansarigreensresort.com